# 2. રેસનો ઘોડો

## સ્વાધ્યાય

### 1. સાચો વિકલ્પ પસંદ કરો:

1) વિનુકાકા વાતવાતમાં કહેતા...

(A) નિશાન ઊંચું રાખવું.

(B) નિશાન નીચું રાખવું.

(C) અન્યને નિશાન બનાવવું.

(D) ક્યારેય કોઈ નિશાન ન રાખવું.

2) અંકિતનાં માતાપિતાનું સ્વપ્ન હતું કે...

(A) તે માત્ર ડિગ્રીઓ મેળવે.

(B) તે ઉમદા માણસ બને.

(C) તે ડૉક્ટર બને.

(D) તે ખૂબ પૈસાવાળો બને.

### 2. એક-એક વાક્યમાં ઉત્તર આપો:

1) અમેરિકામાં રહેતા ડૉક્ટર સૌરભ પાસે કોના માટે સમય નથી?

- અમેરિકામાં રહેતા ડૉક્ટર સૌરભ પાસે પોતાનાં માતા-પિતા માટે સમય નથી.

2) અંકિતને પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની ખુશીમાં કયાં પુસ્તકો ભેટમાં મળ્યાં હતાં?

- અંકિતને પરીક્ષામાં ઉત્તીર્ણ થવાની ખુશીમાં રામાયણ-મહાભારતની બાળકથાઓનાં પુસ્તકો ભેટમાં મળ્યાં હતાં.

### 3. બે-ત્રણ વાક્યમાં ઉત્તર આપો:

#### 1) "બેટા ચાલ, બહુ મોડું થઈ ગયું" વિનુકાકાના આ વાક્યનો ગૂઢાર્થ સમજાવો.

- "બેટા ચાલ, બહુ મોડું થઈ ગયું," વિનુકાકાના આ શબ્દોનો ગૂઢાર્થ એ છે કે સૌરભ ભણીગણીને અમેરિકામાં ડૉક્ટર થયો. તેની પાસે વિશાળ બંગલો, કાર જેવી ભૌતિક સમૃદ્ધિ છે, પણ તેની પાસે માતાપિતા માટે સમય ફાળવવા જેટલી આંતરિક સમૃદ્ધિ નથી. વૃદ્ધ વિનુકાકાને સમજાયું કે સૌરભને ઉમદા માણસ બનાવવામાં અને સંસ્કાર આપવામાં મોડું થઈ ગયું. પરિણામે દીકરો હોવા છતાં તે તેમની ઘડપણની લાકડી બની શક્યો નહિ.

#### 2) 'હવે અમેરિકા ક્યારે જશો?' પ્રશ્નના ઉત્તરમાં વિનુકાકાની પ્રતિક્રિયા તમારા શબ્દોમાં વર્ણવો.

- 'હવે અમેરિકા ક્યારે જશો?' પ્રશ્નના ઉત્તરમાં વિનુકાકા માથું ધૂણાવી ચૂપ રહે છે. એમની આંખને ખૂણે બાઝેલું નાનું આંસુ આથમતા સૂરજના કિરણમાં ચમકી ઊઠે છે.

### 4. સાત-આઠ લીટીમાં ઉત્તર લખો:

#### 1) 'રેસનો ઘોડો' વાર્તાને આધારે બાળકના ઘડતરમાં અડચણરૂપ બનતાં પરિબળોની ચર્ચા કરો.

- 'રેસનો ઘોડો' નવલિકામાં બાળકના ઘડતરમાં અડચણરૂપ બનતાં કેટલાક પરિબળો આપણું ધ્યાન ખેંચે છે. વાર્તામાં વિનુકાકા માને છે કે બાળકરૂપી મૂર્તિને બાળપણથી જ કંડારવી પડે છે. બાળપણથી જ નિશાન ઊંચું રાખવું જોઈએ. એમની વાત સાથે સંમત થવાય, પણ તેમ કરવા જતાં બાળકોને ઘોડદોડની રેસની જેમ સ્પર્ધા માટે દોડતાં કરવાં, હરીફાઈમાં ચંદ્રક લાવે તે માટે તેના પર દબાણ કરવું, બાળક માંદું પડે તો તેને દવા આપીને પણ તે કમ્પ્યૂટર ક્લાસમાં જાય તેવો આગ્રહ રાખવો, શિક્ષણમાં કયા વિષયમાં ડિગ્રી મેળવવી તે વડીલ જ નક્કી કરે જેવાં અનેક પરિબળો બાળકના ઘડતરમાં અડચણરૂપ બને છે. ભણતર જરૂરી છે, પણ તેને માટે બાળકને સતત ટોકતા રહેવું, તેને ઉતારી પાડવું એ જરાય યોગ્ય નથી. બાળકને પોતાની પસંદ-નાપસંદ વ્યક્ત કરવાની આઝાદી જ રહેતી નથી. મુક્તપણે બગીચામાં ફરવા જવું, ત્યાં હીંચકા ખાવા, અન્ય બાળમિત્રો સાથે રમવું, થોડાં તોફાનમસ્તી કરવાં જેવી બાલસહજ પ્રવૃત્તિથી બાળકને વંચિત રાખવામાં આવે છે, આથી બાળકોનો કુદરતી વિકાસ થતો નથી.

## 2) ‘આખરે તો શિક્ષણનું ધ્યેય બાળક ઉમદા માણસ બને તે છે.’ આ વિધાન વિગતે સમજાવો.

- ‘આખરે તો શિક્ષણનું ધ્યેય બાળક ઉમદા માણસ બને તે છે.’ – ‘રેસનો ઘોડો’ નવલિકાનું આ વિધાન અંકિતની માતા નીનાબહેનનું છે. નીનાબહેન પોતાના બાળક અંકિત પર ભણતરનો વધુ પડતો ભાર મૂકવામાં માનતાં નથી. બાળક માંદું પડે તોપણ દવા ખાઈને પણ કમ્પ્યૂટર ક્લાસ ભરવા જાય તે એમને ગમતું નથી. તેઓ માને છે કે બાળકનું બાળપણ છિનવી લેવું ન જોઈએ. તેને ભણતરની સાથે મુક્તપણે હરવાફરવાની, બગીચામાં જઈને હીંચકા ખાવા જેવી અનેક બાળસહજ રમતો રમવાની છૂટ આપવી જોઈએ. બાળકને રામાયણ-મહાભારતની બાળકથાઓ તેમજ અન્ય બાળકથાઓ વાંચવા આપવી જોઈએ. એના વાંચનથી એમનામાં કૌટુંબિક ભાવના, દેશપ્રેમ જેવા સંસ્કારોનું સિંચન થાય છે. નીનાબહેન માને છે કે ભણતર જરૂરી છે, પણ તેને માટે બાળકને સતત ટોકતા રહેવું, તેને ઉતારી પાડવો એ જરાય યોગ્ય નથી. બધા બાળકોના રસનાં વિષયો અલગ અલગ હોય છે. ભવિષ્યમાં તેને કયા વિષયમાં આગળ વધવું છે તે એને પસંદ કરવા દેવું જોઈએ. શિક્ષણ કારકિર્દી માટે જરૂરી છે, પણ એથીય વિશેષ શિક્ષણનું ધ્યેય બાળક સંસ્કારી બને અને એક ઉમદા માણસ બને એ હોવું જોઈએ. નીનાબહેનનું પણ આ જ સપનું હતું અને તેના દીકરા અંકિતે એ પુરવાર કર્યું.

## 3) ‘રેસનો ઘોડો’ શીર્ષકની યથાર્થતા ચર્ચો.

- ‘રેસનો ઘોડો’ એટલે ઘોડદોડની રેસ. એમાં જે ઘોડો પ્રથમ આવે તે વિજેતા ગણાય. આ વાર્તામાં વિનુકાકાના વિચારો આ જ વાતને સ્વીકારે છે. એ માટે તેમણે પોતાના પુત્ર સૌરભ અને પડોશીના પુત્ર અંકિત બંનેની શૈક્ષણિક કારકિર્દી ઘડવા સવિશેષ ધ્યાન આપ્યું. તેઓ લાંબી લાંબી ડિગ્રી મેળવે, હરીફાઈમાં ચંદ્રક મેળવે, અખબારમાં તેમની મુલાકાત લેવાય, તેમના ફોટા આવે એવું તેઓ ઇચ્છતા હતા. એ માટે તેઓ આ બાળકોને ટપારતા, ઓછા માર્ક્સ આવે તો ઊતારી પડતા. આવી તો કંઈ કેટલીય હરકતો તેમના દ્વારા બાળકો પર થતી. એમાં તેમની મહેનત તેમના પુત્ર સૌરભ પર સફળ થઈ. તે રેસના ઘોડાની જેમ પ્રથમ આવ્યો. તે અમેરિકામાં ડૉક્ટર થયો અને ત્યાંની મોટી હૉસ્પિટલમાં કામે લાગી ગયો. ત્યાં એનું નામ ઘણું મોટું બન્યું. તેણે વિશાળ બંગલો, કાર જેવી ઘણી ભૌતિક સંપત્તિ મેળવી; પરંતુ પોતાની સાચી સંપત્તિ એવા પોતાનાં માતાપિતા માટે તેની પાસે સમય નહોતો. ધીરે ધીરે તેના વર્તનથી માતાપિતા દુ:ખી થઈ ગયાં. ઘડપણનો સહારો છૂટી ગયો હતો. આમ, સૌરભ ‘ડૉક્ટર’ બનીને શિક્ષણ અને કારકિર્દીક્ષેત્રે ‘રેસનો ઘોડો’ જીતી ગયો, પણ ‘સાચો પુત્ર’ ન બની શકતાં સંસ્કારક્ષેત્રે તે હારી ગયો. આ દૃષ્ટિએ ‘રેસનો ઘોડો’ શીર્ષક યથાર્થ છે.